જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૪/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૪/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૯ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૩૭૭ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ સ્કૂટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૮૪,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૧૫/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૧૬/૧૭**

**સરદારનગરઃ** જયકુમાર હાસોમલ ચાવલા (રહે.મહારથી સોસાયટી સરદારનગર) એ તા.૫/૪/૧૭ નારોજ **સરદારનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ માહે એપ્રિલ થી તા.૩૦/૩/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન સરદારનગર આબાવાડી સર્કલ પાસે આવેલ કારખાનામાંથી આરોપી અલિભાઇ વારીસ (રહે.ગાંધી આશ્રમની સામે આવેલ ખાદી ગ્રામ ઉધોગની પાછળ કેનેરા બેંકની ગલીમા) જીન્સ કાપડનો કાચો માલ કિમત રૂપિયા ૯,૮૯,૯૬૭/- લઈ જઈ પરત નહી આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. **આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.**

**ચોરીઃ** **સમાચાર યાદી નં.૭૧૭/૧૭**

**જીઆઈડીસી વટવાઃ** ભુપતરાય કાશીરામ મહેતા (રહે. પુષ્પક ડુપ્લેક્ષ કેનાલ પાસે ઘોડાસર) એ જી.આઈ.ડી.સી. વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૪/૧૭ રાતના ૯/૦૦ થી તા.૫/૪/૧૭ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન **જી.આઈ.ડી.સી.વટવા મેઘમણી પીગમેન્ટ પ્લોટ નં-૩૫ ફેઝ-૨ ના ખુલ્લા કંપાઉન્ડમાંથી પીગમેન્ટ વાયોલેટની થેલી નંગ-૨૩** કિમત રૂપિયા ૧૩,૬૮,૯૦૭/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વિ.એન.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૧૮/૧૭</u>**

**સેટેલાઇટઃ** (૧) સતીષભાઇ મનસુખલાલ વાઘેલા (ઉ.વ.૪૫) (રહે. રેવતી ટાવર રામદેવનગર સેટેલાઇટ) તા.૫/૪/૧૭ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે સેટેલાઇટ હોટલ કોર્ટીયાડના પાછળના ગેટ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ નં-૮૨૪૨ ઉપર આવેલ (૩૦ થી ૩૨ વર્ષના આશરાના) બે પુરૂષો સતીષભાઈના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સતીષભાઈ વાઘેલાએ **સેટેલાઇટ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે.

(૨) રોહીનીબેન વા/ઓ મનિષકુમાર યાદવ (ઉ.વ.૩૦) (રહે. અક્ષર જયોત એપાર્ટમેન્ટ સાર્થક ટાવરની સામે રામદેવનગર સેટેલાઇટ) તા.૫/૪/૧૭ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સેટેલાઇટ રાજ સુર્યા સોસાયટી પાસે આમ્રપલાસ સોસાયટીના ગેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો રોહીનીબહેનના ગળામાંથી સોનાની ચેઈન (અડધી) કિમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. સોનાની અડધી ચેઈન રોહીનીબહેનના હાથમાં રહી ગઈ હતી. આ અંગેની ફરીયાદ રોહીનીબહેન યાદવે **સેટેલાઇટ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.એન.વાઘેલા ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** વિનય અરવિંદન પલથ (ઉ.વ.૫૪) (રહે.કેશવપાર્ક આકાશ ટાવર પાસે જજીસ બંગલા રોડ બોડકદેવ) તા.૫/૪/૧૭ કલાક ૭/૧૫ વાગ્યાના સુમારે પ્લેટીનમ પ્લાઝા સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ નં-૮૨૪૨ ઉપર આવેલ (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) બે પુરૂષો વિનય પલથના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિનય પલથે **વસ્ત્રાપુર** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ ચંન્દ્રસિંહ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૭૧૯/૧૭</u>**

**કૃષ્ણનગરઃ** દેવચંદભાઈ કુરજીભાઈ પટેલ (રહે. પ્રભુવીર સોસાયટી એસ.બી.આઈ બેંક સામે બાપુનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૪/૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે **ઠક્કરનગર રતનબા સ્કુલ પાસે બાપા સીતારમ જ્વેલર્સ સામેથી દેવચંદભાઈ પોતાની પુત્રી જીગનાબહેન વા\ઓ અશ્વીનભાઈ રામાણી (ઉ.વ.૪૪) (રહે. ખોડીયાર ફ્લેટ ચમક ચુના પાસે ઠક્કરનગર) ને એક્ટીવા પાછળ બેસાડી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અજાણ્યા ટ્રેક્ટર ચાલકે ટ્રેકટર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા જીગનાબહેન પટકાઈ જતા જીગનાબહેનના માથા ઉપર ટ્રેકટરનુ વ્હીલ ફરી વળતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન સાંજના ૬/૩૦ વાગે જીગનાબહેનનુ મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૨૦/૧૭**

**નિકોલઃ** શક્તિસિંહ અનીરૂધ્ધસિંહ ગોહીલ (ઉ.વ.૧૯) (રહે.પરષોત્તમનગર વિભાગ-૧ નારાયણનગર રોડ ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૫/૪/૧૭ કલાક ૫/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રવિણભાઈ સાંજાજી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)